सत्य मेव जयते

| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૨૮/૦૨/૨૦૨૬ | | |
| રજીસ્ટર તારીખ | ૨૮/૦૨/૨૦૨૬ | | |
| નિકાલ તારીખ | ૧૭/૦૩/૨૦૨૬ | | |
| સમય અવધી | વર્ષ | માસ | દિવસ |
| | ૦૦ | ૦૦ | ૧૭ |

**<u>રાજકોટના મહે. સ્પે. (પોકસો) જજ અને એડિશનલ સેશન્સ જજ સાહેબશ્રીની કોર્ટમાં, મુકામઃ રાજકોટ.</u>**

<u>ફોજદારી પરચુરણ અરજી નંબરઃ ૬૩૦/૨૦૨૬</u>.
આંકઃ ૦૭

**<u>અરજદાર.</u>**

**રણછોડભાઇ સોમાભાઇ કટેશીયા,**
રહે. મુ.સોનગઢ, તા.થાનગઢ,
જી.સુરેન્દ્રનગર.

**-// વિરૂધ્ધ //-**

**<u>સામાવાળા</u>**

**૧. શ્રી સરકાર.**

**બાબત: <u>મુદ્દામાલ પરત મેળવવા અરજ</u>.**

---

**અરજદાર તરફે :- વિધ્વાન વકીલ શ્રી ડી.પી.મેહતા.**
**સામાવાળા તરફે :- વિધ્વાન એ.પી.પી. શ્રી એ.એચ.જોષી.**

---

## – ચુ કા દો –

૧. અરજીની ટુંકમા હકીકત એવી છે કે, ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતુ, રાજકોટ દ્રવારા કારણદર્શક નોટીસ તથા સીઝ કરેલ મિલકત જે અન્વયે રાજકોટ ડિસ્ટ્રીકટ કોર્ટના ફોજદારી ઈન્કવાયરી નં.૧૯/૨૦૨૫ ના કામે તપાસ કરનાર અમલદારે અરજદારની માલિકીનુ વાહન અશોક લેલેન્ડ કંપનીનુ ડમ્પર/ટીપર બોડી જેના રજીસ્ટ્રેશન નંબરઃ જીજે–૧૩–એ.ડબલ્યુ.૭૪૯૨ આરોપી પાસેથી પંચનામાની વિગતે કબજે કરવામાં આવેલ હોય જે હાલના અરજદારે પરત મેળવવા અરજી કરેલ છે.

૨. અરજી રજુ થતા સામાવાળાને નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ જે નોટીસની બજવણી થઈ ગયેલ છે. સામાવાળા સરકારશ્રી તરફે વિ.એ.પી.પી. શ્રી હાજર થયેલ છે જેઓ દ્વારા તપાસ કરનાર અમલદારનો સોગંદનામું/અભિપ્રાય રજુ કરેલ છે.

3. અરજદાર તરફે તેમના વિ.વકીલશ્રીની તેમજ સરકારશ્રી તરફે વિ.એ.પી.પી.શ્રીની રજુઆત સાંભળવામાં આવેલ છે.

૪. અરજદાર તરફે મુખ્યત્વે એવી રજુઆત કરવામાં આવેલ છે કે, આ કામે ઉપરોક્ત જણાવ્યા મુજબની વિગતેનો ગુન્હો નોંધાયેલ છે અને તે ગુન્હાના કામે આરોપી પાસેથી તપાસ દરમ્યાન કબ્જે કરવામાં આવેલ મુદામાલનું વાહન અરજદારની માલિકીનુ છે અને અરજદારે વાહનની આર.સી. બુકની નકલ રજુ રાખેલ છે તે મુજબ અરજદાર મુદામાલ વાહનના રજીસ્ટર્ડ ઓનર છે. વધુમાં મુદામાલ વાહન અરજદારને રોજીંદા વપરાશ માટે ઉપયોગી અને જીવન જરૂરીયાતનુ સાધન છે જેથી મુદામાલ અરજદારને પરત આપવામાં

ન આવે તો અરજદારને મુશ્કેલીનો સામનો કરવો પડે તેમ છે અને મુદ્દામાલ વાહન પોલીસ સ્ટેશનમાં બીનઉપયોગી પડી રહે તો ખરાબ થઈ જાય તેમ હોય તેમજ સદર મુદ્દામાલ વાહન મેળવવા અરજદાર સિવાય અન્ય કોઈ વ્યક્તિઓએ કલેઈમ કરેલ નથી અને નામ. કોર્ટ જે કાંઈ શરતો ફરમાવશે તેનું અરજદાર ચુસ્તપણે પાલન કરશે તેની ખાતરી આપતા હોય, જેથી અરજદારની હાલની અરજી મંજુર કરવા ભારપુર્વક વિનંતી કરેલ છે.

૫. સામાવાળા સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી દ્વારા રજુઆત કરેલ છે કે, આ કામે આરોપી વિરુદ્ધ ઉપરોક્ત જણાવ્યા મુજબની વિગતેનો ગુન્હો નોંધાયેલ છે અને તે ગુન્હાના કામે આરોપી પાસેથી તપાસ દરમ્યાન મુદામાલ તરીકે અરજદારની માલિકીનુ અશોક લેલેન્ડ કંપનીનુ ડમ્પર/ટીપર બોડી મુદામાલ તરીકે કબ્જે કરવામાં આવેલ છે જે અરજદારે પરત માંગેલ છે પરંતુ આરોપી દ્વારા સદરહુ મુદામાલ વાહનનો ગુન્હાના કામે ઉપયોગ કરેલ હોય જેથી સદરહુ મુદામાલ વાહન જો અરજદારને પરત આપવામાં આવશે તો, તેનો આવા પ્રકારના ગુનામાં ઉપયોગ થવાની શક્યતા રહેલી હોવાથી તપાસ કરનાર અમલદારનો અભિપ્રાય થતો ન હોવાનું જણાવી હાલની અરજી નામંજુર કરવા ભારપૂર્વક વિનંતી કરેલ છે.

૬. આ કામે પક્ષકારો તરફેની રજુઆત તથા અરજી સાથે રજુ થયેલ રેકર્ડ તથા પોલીસ અભિપ્રાય ધ્યાને લેતા સ્પષ્ટ થાય છે કે, આ કામે આરોપી વિરુદ્ધ ઉપરોક્ત જણાવ્યા મુજબની વિગતેનો ગુન્હો નોંધાયેલ છે અને તે ગુન્હાના કામે આરોપી પાસેથી તપાસ દરમ્યાન મુદામાલ તરીકે અરજદારની માલિકીનુ અશોક લેલેન્ડ કંપનીનુ

ડમ્પર/ટીપર બોડી પંચનામાની વિગતે કબ્જે કરવામાં આવેલ છે જે પરત મેળવવા અરજદારે હાલની અરજી દાખલ કરેલ છે. વધુમાં આ કામે રજુ રાખવામાં આવેલ મુદામાલ વાહનની આર.સી. બુકની નકલ વંચાણે લેતા અરજદાર મુદામાલ વાહનના માલીક હોવાનું પ્રથમ દર્શનીય રીતે જણાય છે અને આ કામે અન્ય કોઈ વ્યક્તિઓ દ્વારા સદરહુ મુદામાલ વાહન અંગે કોઈ કલેઈમ કરવામાં આવેલ નથી. વધુમાં મુદ્દામાલ વાહન જો બિન ઉપયોગી હાલતમાં પોલીસ સ્ટેશનમાં પડી રહે તો ખરાબ થઈ જવાની શક્યતા રહેલી છે તે સંજોગોમાં નામ. સુપ્રીમકોર્ટના સુંદરભાઈ અંબાલાલ દેસાઈ, સ્પે. લીવ પીટીશન (ક્રીમીનલ) નંબરઃ ૨૭૪૫/૨૦૦૨ ના ચુકાદામાં કરેલ અવલોકનો ધ્યાને લેતા તથા નામ.ગુજરાત હાઈકોર્ટના વિશાલ ઝવેરીલાલ ભાનુશાળી પ્રોપરાઈટર ઓફ વિશાલ ઈન્ફ્રાસ્ટ્રકચર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત R/SCR.A/5375/2021 ના ચુકાદાના પેરા નં.૮ માં ઠરાવેલ છે કે,

**8.** " Taking into consideration the observations and the conclusion derived in the above-referred judgment of Jayant Etc.(supra), the offences under Mines and Mineral (Regulation and Development) Act are compoundable and under the cognizance of the court the FIR under the IPC could be registered. In view of the discussions made hereinabove, this Court is of the opinion that the courts below have seriously erred in not releasing the vehicles in question in favour of the petitioner." આમ, નામ.ગુજરાત હાઈકોર્ટના ઉપરોકત ચુકાદમાં ઠરાવેલ હકીકતો ધ્યાને લેતા તેમજ સદરહુ ગુનો કમ્પાઉન્ડેબલ ઓફેન્સ હોય, જેથી ઉપરોક્ત સમગ્ર હકીકતો અને રજુઆતો ધ્યાને લેતા મુદ્દામાલ વાહન અરજદાર/મુળ માલીકને શરતોને આધિન પરત સોંપવાનું ન્યાયોચિત જણાઈ આવતુ હોય

ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**– :: <u>હુ ક મ</u> :: –**

**૧.** અરજદારની હાલની આ અરજી આથી **મંજુર** કરવામાં આવે છે.

**૨.** ભુસ્તર વિજ્ઞાન અને ખનીજ ખાતુ, રાજકોટ દ્રવારા કારણદર્શક નોટીસ તથા સીઝ કરેલ મિલકત જે અન્વયે રાજકોટ ડિસ્ટ્રીકટ કોર્ટના ફોજદારી ઈન્કવાયરી નં.૧૯/૨૦૨૫ ના કામે પોલીસે કબજે કરેલ અરજદારની માલિકીનુ મુદામાલ વાહન અશોક લેલેન્ડ કંપનીનુ ડમ્પર/ટીપર બોડી જેના રજીસ્ટ્રેશન નંબરઃ જીજે–૧૩–એ.ડબલ્યુ.૭૪૯૨ ની દોઢી રકમના જાત જામીન તથા તેટલી જ રકમનો જાતમુચરકો અરજદારે સંબંધિત પોલીસ સ્ટેશનમા રજુ કર્યેથી આ કેસના આખરી નિકાલ થતા સુધી નીચેની શરતોને આધિન અરજદારને પરત સોંપવાનો હુકમ કરવામાં આવે છે.

**<u>શરતો::</u>**

૧) અરજદાર /આરોપીએ સદર મુદામાલ વાહન કોર્ટ જયારે અને જયાં ફરમાવે ત્યારે અને ત્યાં તે સ્થીતીમાં રજુ કરવાનુ રહેશે.

૨) અરજદારને, પોલીસે મુદામાલ આર્ટીકલ્સ સોંપતા અગાઉ મુદામાલની માલિકી અંગેની ખરાઈ કરી અને તે બાબતનુ પંચનામુ કરી, સોંપણી કરવી.

૩) અરજદાર/આરોપીએ સદરહુ મુદામાલ વાહન કેસના આખર નિકાલ થતા સુધી કોઇને વેચાણ, ગીરો, ટ્રાન્સફર કે કોઇ રીતે હસ્તાંતર કરવુ નહી કે તેની સ્થીતીમાં કોઇ ફેરફાર કરવો નહી.

૪) તપાસ કરનાર અમલદારે મુદામાલ વાહનના અરજદારના સ્વખર્ચે જુદા–જુદા ચાર એંગલથી ફોટોગ્રાફ પડાવી રેકર્ડમાં સામેલ રાખવા.

૫) સદરહુ મુદામાલનો કોઈ ગેરકાયદેસર પ્રવૃતિમાં ઉપયોગ કરવો–કરાવવો નહી.

– અરજદારે જામીન સંબંધિત પોલીસ સ્ટેશન સમક્ષ રજુ કરવા.

– આ હુકમની જરૂરી યાદી સંબંધિત પોલીસ સ્ટેશનને હુકમની નકલ સાથે કરવી.

હુકમ, આજ તારીખઃ ૧૭[મી] માહેઃ માર્ચ, સનેઃ ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખઃ ૧૭/૦૩/૨૦૨૬
સ્થળઃ રાજકોટ.

(**વિજયસિંહ અભેસિંહ રાણા**)
સ્પે. જજ (પોકસો) કોર્ટ અને
એડીશનલ સેશન્સ જજ,
રાજકોટ.

*//vvk//*

**(UID:GJ01510)**